



સુવિચાર : સારી બાબતો જીવન પથ પર આવી જ રહી છે.. શર્ત એટલી બસ તમે ચાલવાનું ચાલું જ રાખો - શાહબુદ્દિન રાઠોડ

આપણું પોતાનું અખબાર


# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૭૯ | ૨૯ મે, ૨૦૧૫, શુક્રવાર ; જેઠ સુદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહમાં જીલ્લાનું ૯૧.૩૭ ટકા પરિણામ

## જિલ્લામાંથી માત્ર ૯ વિદ્યાર્થીઓને એ-૧ ગ્રેડ : સેંટ ઝેવિયર્સ સ્કૂલ ૧૦૦ ટકા પરિણામ સાથે મોખરે : જ્યારે સહજાનંદ સ્કૂલ ઓફ એચિવરના ચાર વિદ્યાર્થીઓને એ-૧ ગ્રેડ









ગાંધીનગર તા ૨૮ ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહના જાહેર થયેલા પરિણામોમાં નગરની જાણીતી શિક્ષણ સંસ્થા સેન્ટ ઝેવિયર્સ સ્કૂલનું પરિણામ ૧૦૦ ટકા આવતા પુનઃ મોખરાનું સ્થાન પ્રાપ્ત કર્યું છે. જ્યારે સહજાનંદ સ્કૂલ ઓફ એચિવરના ચાર વિદ્યાર્થીઓને એ-૧ ગ્રેડ પ્રાપ્ત થતા તેજસ્વી વિદ્યાર્થીઓમાં લોકપ્રિયતાનો આંક પ્રાપ્ત કર્યો છે. આ ઉપરાંત કડી કેમ્પસની સી.એમ. વિદ્યાલય, ઈન્ફોસિટી જુનિયર સાયન્સ કૉલેજ, સ્કૂલ ઓપ એચિવર, માઉન્ટ કાર્મેલ, વેદન ઈન્ટરનેશનલ જેવી શાળાઓએ ૯૦ ટકા ઉપરાંત પરિણામો મેળવીને શહેરને શિક્ષણ ક્ષેત્રમાં ઉંચું સ્થાન અપાવ્યું છે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ ૨૦૧૫માં લેવાયેલી ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહની સેમેસ્ટર-૪ની પરિક્ષાનું આજે પરિણામ જાહેર થયું હતું બોર્ડનું એકંદરે પરિણામ ૮૬.૧૦ ટકા રહયું હતું. જિલ્લામાંથી ધોરણ-૧૨ સેમેસ્ટર-૪ની પરિક્ષા માટે નોંધાયેલા ૫૫૧૯ પૈકી ૫૪૫૬ વિદ્યાર્થીઓએ બોર્ડની પરિક્ષા આપી હતી.જયારે ગાંધીનગર જિલ્લાનું પરિણામ ૯૧.૩૭ ટકા રહયું હતું. જિલ્લામાંથી ૯ વિદ્યાર્થીઓનો એ-વન ગ્રેડમાં સમાવેશ થયો છે.જિલ્લામાં સૌથી વધુ પરિણામ કલોલ કેન્દ્રનું ૯૪.૦૧ રહયું છે.

ગુજરાત માધ્યમિક શિક્ષણ બાર્ડ દ્વારા ગત માર્ચ મહિનામાં લેવાયેલી ધોરણ -૧૨ વિજ્ઞાન પ્રવાહની સેમેસ્ટર ૪ ની પરિક્ષાનું આજે પરિણામ જાહેર થયું હતું. સમગ્ર બોર્ડનું પરિણામ એકંદરે ૮૬.૧૦ ટકા આવ્યું છે. જયારે રાજયમાં સૌથી વધુ પરિણામ રાજકોટ જિલ્લાનું ૯૬.૦૧ તેમજ સૌથી ઓછું પરિણામ છોટા ઉદેપુર જિલ્લાનું ૩૦.૨૭ ટકા આવ્યું છે. રાજયમાં ૪૨૭ વિદ્યાર્થીઓએ એ વન ગ્રેડમાં સ્થાન મેળવ્યું છે. બોર્ડનું પરિણામ ગત વર્ષની સાપેક્ષમાં ૮ ટકા ઓછું હોવાનું ધ્યાને આવ્યું છે.જયારે ગાંધીનગર જિલ્લાનું પરિણામ ૯૧.૩૭ ટકા આવ્યું છે. જિલ્લામાંથી માત્ર ૯ વિદ્યાર્થીઓને એ વન ગ્રેડમાં સ્થાન મળ્યું છે.જિલ્લામાંથી નોંધાયેલા ૫૫૧૯ વિદ્યાર્થીઓ પૈકી ૫૪૫૬ વિદ્યાર્થીઓએ પરિક્ષામાં હાજરી આપી હતી. આ પૈકી ૯ નો એ વન ગ્રેડમાં સમાવેશ થયો છે. જયારે ૧૩૬ વિદ્યાર્થીઓને એ ટુ કેટેગરીમાં સ્થાન મળ્યું છે. જયારે બી વનમાં ૪૪૧ અને બી ટુમાં ૭૮૨ વિદ્યાર્થીઓ પાસ થયા છે. આ ઉપરાંત સી વનમાં ૧૨૬૪ અને સી ટુમાં ૧૬૪૮ વિદ્યાર્થીઓનો સમાવેશ થયો છે.ડી ગ્રેડમાં ૭૦૨ પરિક્ષાર્થીઓ ઉત્તિર્ણ થયા છે. જયારે ૫૩૭ જેટલા વિદ્યાર્થીઓને આ પરિક્ષામાં સફળતા મળી ન હોવાનું પણ ધ્યાને આવ્યું છે.

● અનુસંધાન પાન-૭ પર

## કઈ શાળામાં કેટલુ પરિણામ

| ક્રમ | શાળાનું નામ | કેટલા બેઠા | કેટલા ઉત્તિર્ણ | ટકા |
|---|---|---|---|---|
| ૧ | સેન્ટ ઝેવિયર્સ | ૧૧૬ | ૧૧૬ | ૧૦૦ |
| ૨ | સી.એમ. વિદ્યાલય | ૩૨૦ | ૩૧૭ | ૯૯.૦૬ |
| ૩ | ઈન્ફોસીટી સ્કૂલ | ૩૮૫ | ૩૮૦ | ૯૮.૭૦ |
| ૪ | સહજાનંદ સ્કૂલ ઓફ એચિવર, સરગાસણ | ૬૫૧ | ૬૪૦ | ૯૮.૩૧ |
| ૫ | સ્કૂલ ઓફ એચિવર, કુડાસણ | ૧૧૭ | ૧૧૩ | ૯૬.૫૨ |
| ૬ | વેદ ઈન્ટરનેશનલ સ્કૂલ | ૨૩૪ | ૨૨૪ | ૯૫.૭૨ |
| ૭ | માઉન્ટ કાર્મેલ | ૩૭ | ૩૫ | ૯૪.૫૯ |
| ૮ | આર.સી. પટેલ હાઈસ્કૂલ | ૩૩૦ | ૨૯૮ | ૯૦.૩૬ |
| ૯ | આર.જી. કન્યા વિદ્યાલય | ૧૫૨ | ૧૩૨ | ૮૬.૮૪ |
| ૧૦ | એમ.બી. પટેલ ઈંગ્લિશ મીડીયમ સ્કૂલ | ૧૩૮ | ૧૧૯ | ૮૬ |

## ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં એ-૧ ગ્રેડના વિદ્યાર્થીઓ

- જેનીસ કલ્પેશભાઈ પટેલ - સહજાનંદ સ્કૂલ ઓફ એચિવર
- પાર્થ નિલેશભાઈ કોઠીયા - સહજાનંદ સ્કૂલ ઓફ એચિવર
- ઋત્વિક ચંપકભાઈ પટેલ - સહજાનંદ સ્કૂલ ઓફ એચિવર
- દિગન્ત નવિનભાઈ પટેલ - સહજાનંદ સ્કૂલ ઓફ એચિવર
- યશ મિતાશ્રીબેન જોષી - સ્કૂલ ઓફ એચિવર, કુડાસણ
- ભવ્યા સુનિલભાઈ પટેલ - સ્કૂલ ઓફ એચિવર, કુડાસણ
- ઝંકૃતિ ભરતભાઈ મહેતા - સે.૨૩ ગુરૂકુળ વિદ્યાલય
- હીરલ અમૃતભાઈ ચૌધરી - અર્બુદા સ્કૂલ ઓફ સાયન્સ, માણાસ
- કીંજલ ચૌધરી - અર્બુદા સ્કૂલ ઓફ સાયન્સ, માણાસ

## ગેરરિતીના કેસમાં નવ વિદ્યાર્થીના પરિણામ રીઝર્વ

ગાંધીનગર તા-૨૮

શિક્ષણ બોર્ડ દ્વારા ગત માર્ચ મહિનામાં લેવાયેલી ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહની પરિક્ષાનું આજે પરિણામ જાહેર થયું હતું. જયારે આ દરમિયાન બોર્ડ કક્ષાએથી ૯ વિદ્યાર્થીઓના પરિણામ રીઝર્વ રાખવામાં આવ્યા છે.બોર્ડ દ્વારા પરિક્ષામાં થતી ગેરરિતી અટકાવવા માટે પરિક્ષા કેન્દ્રોમાં સી સી ટી વી કેમેરાની વોચ ગાઠવવામાં આવી હતી.જયારે તેના આધોરે કેમેરા તેમજ ટેબ્લ્ટની ફુટેજનુ બોર્ડ દ્વારા નિરિક્ષણ કરવામાં આવ્યું હતું. જેમાં બોર્ડના અધિકારી દ્વારા નિર્ધારિત કરવામાં આવેલા ગેરરિતીના કિસ્સામાં વિદ્યાર્થીઓના પરિણામો અટકાવવા સુધીના પગલા પણ લેવામાં આવ્યા છે. ગાંધીનગર જિલ્લામાંથી પણ આવા ૯ વિદ્યાર્થીઓના પરિણાંમ ગેરરિતી બદલ અટકાવવામાં આવ્યા છે. અલબત્ત બોર્ડ દ્વારા આ વિદ્યાર્થીઓના પરિણામ રિઝર્વ રાખવામાં આવ્યા છે. સમગ્ર રાજયમાંથી કુલ ૨૧૪ કિસ્સામાં પરિણામ રિઝર્વ રાખવાના પગલા લેવામાં આવ્યા છે. જેમાં મહિસાગર જિલ્લામાંથી સૌથી વધુ ૨૧ કિસ્સામાં પરિણામ અટકાવવાના પગલા લેવાયા છે.


જરૂર લખો ટેન અને પેન

કર કપાતકર્તા : કૃપા કરીને ધ્યાન આપો

યોગ્ય ટીડીએસ અનુપાલન સુનિશ્ચિત કરો

વિજેતા બનો!

**સાચી કપાત કરો**

- ચૂકવણી સમયે કાયદા અનુસાર યોગ્ય ટીડીએસ કાપો.
- કપાતકર્તાનો કાયદેસર અને યોગ્ય પેન ન હોય ઉંચા દરે કર કપાત કરો

સ્ત્રોત પર કર ન કપાતા / સંગ્રહ ન કરવા પર / કપાત ન કરાયેલ કરની રકમ જેટલો દંડ આપવો પડશે

**સમય પર જમા કરો**

(૧) બિન સરકારી કપાતકર્તા જમા કરાવો : કપાત કરાયેલ કર, જે મહિને તપાત કરવામાં આવી છે તે મહિનાની સમાપ્તિના ૭ દિવસની અંદર તથા જે કપાત માર્ચ ૨૦૧૫માં કરાઈ છે (કલમ ૧૯-IA હેઠળની કપાતને બાદ કરતા) તેને ૩૦ એપ્રિલ, ૨૦૧૫ સુધી જમા કરો.

(૨) સરકારી કપાતકર્તા જમા કરાવો બુક ટ્રાન્સફરના કિસ્સામાં સ્ત્રોત પર કપાયેલ કર તે જ દિવસે અને જો ચલણનો ઉપયોગ કર્યો હોય તો આગામી મહિનાની ૭મી તારીખ સુધી જમા કરો.

કપાત કરેલ / સંગ્રહ કરેલ કર જો સરકારી ખાતામાં જમા નહી કરાવો તો કાનુની પગલાં લેવામાં આવશે.

**તુરંત પ્રગટ કરો**

(૧) ૩૧ માર્ચ, ૨૦૧૫ સુધી સમાપ્ત ત્રિમાસિક હેતુ વેતન ઉપરાંત અન્ય આવક પર ફોર્મ-૧૬એ માં ટીડીએસ પ્રમાણપત્ર પ્રગટ કરવાની તારીખ છે

**૩૦મે, ૨૦૧૫**

(૨) ૩૧ માર્ચ, ૨૦૧૫ સુધી સમાપ્ત નાણાકીય વર્ષ માટે ફોર્મ ૧૬ માં ટીડીએસ પ્રમાણપત્ર પ્રગટ કરવાની તારીખ છે

**૩૧મે, ૨૦૧૫**

ટીડીએસ પ્રમાણપત્ર જાહેર કરવામાં જો વિલંબ થશે તો આ ચૂક માટે પ્રતિદિવસ રૂ. ૧૦૦નો દંડ પડશે જે કપાત યોગ્ય / સંગ્રહ યોગ્ય રકમથી વધુ નહીં હોય.

**સાવધાન :**

- જે કપાતકર્તા ટીડીએસ કાપી ચૂક્યા છે પરંતુ નિર્ધારિત તારીખ સુધી તેને જમા કરાવ્યું નથી, તેઓ તુરંત જમા કરો.
- બધા જ કપાતકર્તાઓ http://www.tdscpc.gov.in (ટ્રેસેસ પોર્ટલ) પર ચોક્કસ નોંધણી કરાવો.
- સાત અક્ષરના ટીડીએસ પ્રમાણપત્ર નંબર સહિત ફોર્મ નં.-૧૬એ અને ફોર્મ નં.-૧૬ના ભાગ એ માં ટીડીએસ પ્રમાણપત્રને http://www.tdscpc.gov.in પરથી ડાઉનલોડ કરવું જરૂરી છે.
- ટીડીએસ પ્રમાણપત્ર પર પેન ન લખવા પર / ખોટુ લખવા પર પ્રમાણપત્ર ટ્રેસેસ પોર્ટલથી ડાઉનલોડ નહી થઈ શકે.
- કપાતકર્તા યોગ્ય પેન લખો, તેથી કપાતકર્તાને તેના યોગ્ય ક્રેડીટ પોઈન્ટ મળી શકે.
- કર ચુકવણીની ચૂકથી બચવા માટે ચલણનો યોગ્ય સિન (CIN) લખો.
- ટીડીએસ પ્રમાણપત્ર ડાઉનલોડ કરવા માટે કપાતકર્તાએ અગાઉ જે, ઓછી ચૂકવણીની ભૂલ કરી હોય તો તેને સુધારવી પડશે.

- ઈ-ટ્યૂટોરિયલ
- હંમેશા પૂછાનાર પ્રશ્નો (FAQs)
- વિવરણમાં ઓનલાઈન શોધ માટે કૃપા કરી www.tdscpc.gov.inની મુલાકાત લો.

આયકર વિભાગ

આવકવેરા વિભાગ

www.incometaxindia.gov.in

davp 15401/13/0007/1516